# આઇસી15 ઇન્ડેક્સમાં ૪૬૮ પૉઇન્ટની વૃદ્ધિ, પણ ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં ચિંતાની સ્થિતિ

## સિંગાપોરની વૉલ્ડ કંપનીએ ઉપાડ, ટ્રેડિંગ અને ડિપોઝિટ અટકાવી દીધાં

**ક્રિપ્ટોકરન્સી** માર્કેટમાં મિશ્ર વલણને પગલે આઇસી15 ઇન્ડેક્સમાં સોમવારે થોડો સુધારો થયો હતો, પરંતુ એકંદરે માર્કેટની સ્થિતિ નરમ હતી. એનું એક કારણ એ હતું કે વધુ ને વધુ કંપનીઓ ડિફૉલ્ટ કરે એવી આશંકા છે.

સિંગાપોરની ક્રિપ્ટો લેન્ડર કંપની વૉલ્ડે રોકાણકારોને ઉપાડ, ટ્રેડિંગ અને ડિપોઝિટ માટે મનાઈ ફરમાવી દીધી છે. કંપની સામેના આર્થિક સંકટને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલાં સેલ્સિયસ અને થ્રી ઍરોઝ કૅપિટલ નાણાભીડનો સામનો કરી રહી છે.

દરમ્યાન માર્કેટ કૅપિટલાઇઝેશનમાં ૩.૩૩ ટકાની વૃદ્ધિ થઈને આંક ૮૯૦.૦૬ અબજ ડૉલર પર પહોંચ્યો છે. બીટકૉઇન હજી ૨૦,૦૦૦ ડૉલરની નીચે (૧૯,૬૬૨.૮૬) ડૉલર પર ટ્રેડ થઈ રહ્યો છે. ઈથેરિયમમાં સોમવારે ૪.૭૧ ટકાનો વધારો થતાં ભાવ ૧૧૦૩.૨૦ ડૉલર થયો હતો. અગાઉ ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રિપ્ટો ઇન્ડેક્સ-આઇસી15 સોમવારે બપોરે ૪ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૧.૮૩ ટકા (૪૬૮ પૉઇન્ટ) વધીને ૨૫,૯૫૬ પૉઇન્ટ બંધ રહ્યો હતો. ઇન્ડેક્સ ૨૫,૪૮૭ ખૂલીને ૨૬,૧૪૭ સુધીની ઉપલી અને ૨૫,૨૦૫ પૉઇન્ટની નીચલી સપાટીએ ગયો હતો.